


## શ્લોક : ૭
## યમુનાજીની સમીપ રહેવાનું ફળ

**મમાસ્તુ તવ સન્નિધૌ તનુનવત્વમેતાવતા**
**ન દુર્લભતમા રતિર્મુરરિપૌ મુકુન્દપ્રિયે |**
**અતોઽસ્તુ તવ લાલના સુરધુની પરં સંગમાત્**
**તવૈવ ભુવિ કીર્તિતા ન તુ કદાપિ પુષ્ટિસ્થિતૈઃ || ૭ ||**

**મમ્મમસ્ત્યુ** = મમ + અસ્તુ = મારૂં, મારો હો, **તવ** = તમારી, તમારા, **સન્નિધૌ** = સમીપમાં, **તનુ** = દેહ, શરીર, **નવત્વમ્** = નવાપણું, ભગવદ્ લીલામાં ઉપયોગી થાય તેવો નવો દેહ, **એતાવતા** = એવું, એવો, **ન** = નથી, **દુર્લભતમા** = અતિશય દુર્લભ, અપ્રાપ્ય, **રતિઃ** = સ્નેહ, પ્રીતિ, **મુરરિપૌ** = મુર દૈત્યના શત્રુ (ભગવાન) , **મુકુન્દપ્રિયે** = હે મુકુન્દ ભગવાનને પ્રિય, હે યમુનાજી, **અતોઽસ્તુ** = અત : + અસ્તુ = તો થાય, તેથી હોય, **તવ** = તમારૂં, **લાલના** = લાડકોડ (આ સ્તુતી રૂપી), **સુરધુની** = ગંગાજી, **પરં** = કેવળ, પછીજ, **સંગમાત્** = સંગમથી, **તવૈવ** = તવ + એવ = તમારાજ, **ભુવિ** = પૃથ્વી પર, **કીર્તિતા** = કીર્તિ પામેલા, વખણાયેલા, **ન તુ** = નહિ જ, **કદાપિ** = કદી પણ, **પુષ્ટિસ્થિતૈઃ** = પુષ્ટિમાર્ગમાં રહેલા જીવોએ.

ભાવાર્થ : હે મુકુન્દ ભગવાનને પ્રિય એવા શ્રી યમુને મા ! આપના સમીપમાં (રહેવાથી) મારો દેહ એવો નવીન બનાવો કે જે ભગવદ્ લીલામાં સેવાપયોગી થાય. જો ખરેખર એમ થાય તો કૃષ્ણમાં પ્રીતિ થવી અત્યંત દુર્લભ નથી, જરૂરથી મારો સ્નેહ વધશે. એટલા માટે જ લાડકોડથી (આ સ્તુતી દ્વારા) લળી લળીને હું આપને વિનંતી કરૂં છું. ગંગાજી પણ આપના સંગમને લીધે પૃથ્વી પર વખણાયા છે અને કીર્તિ પામ્યા છે. તેથી પુષ્ટિમાર્ગમાં રહેલા જીવો તો ક્યારેય પણ આપના સિવાયના એકલા ગંગાજીની સ્તુતિ કરતા નથી.

શ્રી કૃષ્ણને પ્રિય આપ છો મમ દેહ સુંદર એવો રાખજો
ભગવત લીલામાં થાય પ્રિતી સ્નેહ એવો રાખજો
જ્યમ આપના સંસર્ગથી ગંગાજી પુષ્ટિ માં વહ્યા
મમ દેહ મન શ્રી કૃષ્ણને પ્રિય થાય એવો રાખજો
વિરહાર્તી માં હે માત મારા હૃદયમાં આવી વસો
વંદન કરૂં શ્રી યમુનાજીને શ્રી કૃષ્ણ આશ્રય આપજો || ૭ ||